જ્ઞાન વિનાની મહત્ત્વાકાંક્ષા સૂકા રણમાં ઊભેલા પાક સમાન છે
- ફાધર વાલેસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૮ | ૧ ડિસેમ્બર, ૨૦૧૪, સોમવાર ; માગશર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ખરીફ પાકના ઉત્પાદનમાં ઘટાડો

## વિલંબથી આવેલા ચોમાસાની અને વરસાદની ઘટને લઈ ઉત્પાદનમાં ૨૦ થી ૨૫ ટકાનો ઘટાડો

## રવિ સીઝનમાં વાવણી માટે ખેડૂતો થોભ્ભો અને રાહ જુઓના મૂડમાં

### ઘઉં અને બટાટાનું વાવેતર હજુ જામ્યુ નથી : આ મુખ્ય પાક કરતાં શાકભાજીના પાક અને ઘાસચારાનું વાવેતર વધ્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં શિયાળાના ધીમા પગલે આગમનને લઈ રવિસીઝનના વાવેતરમાં પણ ખેડૂતો ખેતીના કામમાં ઓછા જોતરાયા છે.

જિલ્લામાં સૌથી વધુ મહત્વના પાક ઘઉં અને શાકભાજીના રાજા ગણાતા બટાટાના વાવેતરમાં હજુ ખેડૂતો થોભ્ભો અને રાહ જુઓના મૂડમાં જણાઈ રહ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮ હજાર હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે. તેમાં ઘાસચારાના પાકનું અને શાકભાજીના પાકના વાવેતર કરતા મુખ્ય પાક ઘઉ અને બટાટાનું વાવેતર ઓછુ જણાઈ રહ્યું છે.

કૃષિ નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે રવિ સીઝનમાં ઘઉંના વાવેતર માટે હજુ વાતાવરણ સાનુકૂળ જોઈએ તેટલુ બન્યુ નથી. સામાન્યતઃ જે ઠંડી હોવી જોઈએ તેના કરતાં ૪ થી ૫ ડિગ્રી ઓછી નોંધાઈ રહી છે. એટલુ જ નહિ દિવસે પણ ગરમીનું પ્રમાણ સારૂ એવુ જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદની ઘટ બાદ ખરીફ ઋતુના ઉત્પાદનમાં પણ ૨૦ થી ૨૫ ટકાનો ઘટાડો નોંધાતાં જગતનો તાત નિરાશામાં ગરકાવ થઈ ગયો છે.

કલાઈમેટ ચેઈન્જને પગલે જિલ્લામાં ચોમાસા દરમિયાન વરસાદની ઘટ ૧૫ ટકા જેટલી આ વખતે નોંધાઈ છે. વરસાદ ખેંચાતા પણ ખેડૂતો ચિંતાતુર બન્યા હતા અને તંત્ર એ આકસ્મિક પાક. આયોજન આધારિત વાવેતરનું માર્ગદર્શન આપ્યું હતું. ચોમાસામાં વરસાદના દિવસો ઘટતાં તેમજ વરસાદના પ્રમાણમાં પણ બદલાવે ખેડૂતોની નિરાશામાં વધારો કર્યો હતો.

તાજેતરમાં સંપન્ન થયેલ આ સિઝનમાં ખરીફ ઉત્પાદનના જે આંકડા આવ્યા છે તેમાં કપાસના પાકમાં ૧૫ થી ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત મગફળીના ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધાયો છે. શાકભાજીના પાકોમાં જે ભાવો મળવા જોઈએ એટલા મળ્યા નથી આથી ખેડૂતને હજુ પુરતી કળ વળી નથી.

ચોમાસાનો વિલંબથી પ્રારંભ થયા બાદ ઠંડીની સિઝન પણ હજુ જામી નથી. અર્થાત આ વખતે રવિ સિઝનના વાવેતરને લઈ પણ ખેડૂત ઉત્સાહિત જોવા મળતો નથી.

ચોમાસાના વિલંબથી વાવેતરને પગલે કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો હતો. આ પછી એક માવઠુ થતાં ઉત્પાદન પર પણ વિપરીત અસરો પડી છે. કપાસના પાકમાં ખેડૂત નિરાશ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર



ઠંડીની અનુભૂતિ - ગાંધીનગરમાં આજકાલ ઠંડીનું મોજુ અનુભવાય છે... સાંજ પડતાની સાથે જ સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે... સાતેક દિવસ રાજ્યનું સૌથી ઠંડા શહેરનો ખિતાબ પણ ગાંધીનગર ખાતે નોંધાયો છે... અન્ય શહેરો કરતાં ગાંધીનગરમાં દોઢ-બે ડિગ્રી તાપમાન ઓછું હોય છે... ખૂલ્લા-ખૂલ્લા મકાનો અને ઠેર ઠેર વનરાજીના કારણે ઠંડક ઝડપથી પ્રસરે છે... આ ઉપરાંત હવાનું પ્રદૂષણ પણ અન્ય મહાનગરો કરતાં નહિવત છે... ગાંધીનગરમાં ઠેર ઠેર ઉપર આકાશ, નીચે ધરતીની જેમ અનેક શ્રમિકો ખુલ્લામાં રહે છે... એમના ભોજન-પાણી માટે સવાર-સાંજે હંગામી ચૂલાઓ સળગે છે... અને ચૂલામાં સળગતા લાકડા ઠંડીમાં રક્ષણ પણ આપે અને ભોજન પણ આપે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ધોરીમાર્ગો પર સ્વચ્છતા સંકુલો બનાવાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના તમામ ધોરીમાર્ગો પર નિશ્ચિત અંતરે સ્વચ્છતા સંકુલો બનાવવાની સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી છે.

માર્ગ અને મકાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છ ભારતના નિર્માણ માટેનું અભિયાન હાથ ધરવા માટેનો કાર્યક્રમ અમલમાં મુક્યો છે. જે અંતર્ગત વિવિધ રાજ્ય સરકારો દ્વારા પણ રાજ્યમાં સ્વચ્છતા અભિયાનના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આ અંગે ગૃહ નિર્માણ વિભાગ દ્વારા એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતા માટે ટુંકાગાળાના ત્રણ કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે. મધ્યમગાળાના ૨૦૧૪-૧૬ બે વર્ષ માટે અને લાંબાગાળાના ૨૦૧૪-૨૦૧૯નો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમોના આયોજન થકી હાથ ધરવામાં આવનાર સ્વચ્છતા પ્રવૃત્તિ અંગેનું પખવાડિક રીપોર્ટીંગ સરકારને કરવા માટેની સૂચનાઓ વિભાગોને આપવામાં આવી છે.

આ પ્રેઝન્ટેશન દરમિયાન સચિવોએ ૨ ઓક્ટોબરે-૨૦૧૯ સુધીમાં ૧૦૦ ટકા સ્વચ્છતા માટે પોતાના અમુલ્ય સૂચનો કર્યા હતા. જે અંતર્ગત રાજ્યના તમામ ધોરીમાર્ગો પર નિશ્ચિત અંતરે જાહેર સ્વચ્છતા સંકુલોની વ્યવસ્થા કરવા માટેની કાર્યવાહી કરવા પ્રવાસન વિભાગને નોડલ એજન્સી તરીકે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

આ ઉપરાંત છૂટક શાકભાજી બજારો કે જ્યાં મોટાભાગે મહિલાઓ જતી હોય છે ત્યાં ખાસ કરીને સ્ત્રીઓ માટેના સ્વચ્છતા સંકુલોની વ્યવસ્થા હોય તે સુનિશ્ચિત કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સ્વચ્છતા જાળવવા સબંધી ખાસ કરીને પંચાયત અધિનિયમ તથા અન્ય અધિનિયમો હેઠળની જુદી જુદી કાયદાકીય જોગવાઈઓ અંગે પોકેટ બુક પ્રકાશિત કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# રાજ્યમાં શિયાળાની જમાવટ

## વલસાડમાં સૌથી વધુ ઠંડી : પાટનગર ગાંધીનગરમાં ૧૫.૫ ડિગ્રી તાપમાન

### અપેક્ષા કરતા ઓછી ઠંડી છતાં ગરમ વસ્ત્રોમાં લોકો નજરે પડ્યા

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં અપેક્ષા મુજબની ઠંડી હજુ પણ પડી રહી નથી. સવારમાં ચોક્કસપણે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે પરંતુ બપોરના ગાળામાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો નથી. જો કે, સામાન્ય લોકો ઠંડીથી બચવા માટેના પ્રયાસમાં લાગેલા છે. લોકો ગરમ વસ્ત્રોમાં સવારમાં અને સાંજે નજરે પડી રહ્યા છે.

આજે ગુજરાતના વિવિધ ભાગોમાં ઠંડીની વાત કરવામાં આવે તો સૌથી વધુ ઠંડી વલસાડમાં પડી હતી. અહીં તાપમાન ઘટીને ૧૪.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. ઉત્તર પૂર્વીય ઠંડા પવનો હાલમાં ફૂંકાઈ રહ્યા છે. પ્રદેશમાં નીચલી સપાટીએ ઉત્તર પૂર્વ પવન ફુંકાઈ રહ્યા છે. જેના લીધે આ પ્રકારની સ્થિતિ સર્જાયેલી છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતુ જ્યારે પાટનગર ગાંધીનગરમાં અમદાવાદ કરતા વધુ ઠંડી નોંધાઈ હતી. અહીં તાપમાન ૧૫.૫ ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન અને મહત્તમ તાપમાનમાં ક્રમશઃ ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતું.

### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| વલસાડ | ૧૪.૬ |
| ગાંધીનગર | ૧૫.૫ |
| મહુવા | ૧૬.૯ |
| અમદાવાદ | ૧૭ |
| નલિયા | ૧૭ |
| ડિસા | ૧૭.૩ |
| વડોદરા | ૧૮.૪ |
| અમરેલી | ૧૯.૨ |
| સુરત | ૧૯.૮ |
| કંડલા પોર્ટ | ૨૦ |

સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની વાત કરવામાં આવે તો અમરેલીમાં લઘુત્તમ તાપમાન ૧૯.૨ ડિગ્રી જોવા મળ્યું હતુ જ્યારે રાજકોટમાં ૧૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આજે જે વિસ્તારમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ થયો હતો તેમાં ગાંધીનગર, વસલાડ, સુરેન્દ્રનગર, મહુવા, નલિયાનો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તાપમાનમાં ફેરફારની સ્થિતિ રહેલી છે.

# સે. ૧૭માં એક્ઝીબેશન સેન્ટર તૈયાર

## હેલીપેડ ઉપરાંત ટાઉનહોલ સામેની લોન અને ગરબા મેદાનમાં પણ પ્રદર્શનના શામિયાણા બંધાય છે

ગાંધીનગર, તા. ૩૦

જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના હોવાથી સલામતી સહીતના તમામ પરિબળો યોગ્ય કરવા સમગ્ર તંત્ર કામે લાગ્યું છે. શહેરના સે. ૧૭ સ્થિત હેલીપેડ મેદાન તેમજ ટાઉનહોલ સામેની લોન અને ગરબા મેદાનમાં પ્રદર્શનના ભવ્ય શામિયાણા તૈયાર થઈ રહ્યા છે. ઈન્ડેક્ષબીના માધ્યમથી હાથ ધરાયેલી આ કામગીરી આખરી તબક્કામાં છે. ૧ લાખ સ્કવેર મીટરથી વધુ વિસ્તારમાં વાઈબ્રન્ટ એક્ઝીબીશન માટે વિવિધ ડોમ તૈયાર થઈ રહ્યા છે. જેના અંતે આ કાયમી પ્રદર્શનનું સ્થળ બની રહેશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિમાં અનેકવિધ હાઈપ્રોફાઈલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે વાઈબ્રન્ટની હાઈટેક ઈવેન્ટને લઈને તંત્ર ગણ અત્યારથી જ તૈયારીમાં વ્યસ્ત જોવા મળે છે. મહાત્મા મંદિરના કાર્યક્રમ ઉપરાંત સે. ૧૭ના હેલીપેડ મેદાન ખાતે પમ વાઈબ્રન્ટ પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવશે. આ માટે અંદાજિત ૧ લાખ સ્કવેર મીટર જગ્યામાં પ્રદર્શનના ભવ્ય શામિયાણા બંધાઈ રહ્યા છે. હેલીપેડ મેદાન ઉપરાંત ટાઉનહોલ સામેની લોનના સ્થળે અને ગરબા મેદાનમાં પણ પ્રદર્શન માટે ડોમ બનાવવાનું કામ ગતિમા છે. વાઈબ્રન્ટ એક્ઝીબીશન માટે વિશાળ જગ્યામાં ભવ્ય ડોમ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ પ્રદર્શનમાં વિવિધ ૧૨ સેક્ટરોને સ્પર્શતી કંપનીઓ પ્રદર્શનમાં ભાગ લેશે.





(તસવીર : દિપક જાની)



રમણિય સાંજ - સાબરને કિનારે લોકપ્રિય પિકનીક સેન્ટર તરીકે વિકસી રહેલ રિવરફ્રન્ટનું આ રમણિય દૃશ્ય શિયાળાની સાંજે નયનરમ્ય બને છે... આજકાલ રિવરફ્રન્ટ પર પ્રવાસીઓનો ધસારો વધતો જાય છે....




**વેચવાનું છે**

સેક્ટર-૧૩,
પુષ્પક એપાર્ટમેન્ટ,
ત્રીજે માળે, એક રૂમ, કિચન

સંપર્ક
કે. એસ. ભટ્ટ
ફોન : ૨૩૨૪૦૬૮૯

